

# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧




શુભેચ્છા મુલાકાતમાં જ મર્યાદા બતાવી દીધી,
ઇચ્છા, માગણીઓની યાદી શાંતિથી બતાવી દીધી,
બતાવી દીધી જન વિશ્વાસ-ચાહનાની સમૃદ્ધિ -
ને આદર્શ લોકશાહીની તસ્વીર બતાવી દીધી..

થઇ ગ્યું આખું
શપથ વિધિ જોઇ
વિશ્વ અવાક્!

થઇ ગ્યા દંગ
પરિણામ જોઇને -
વિશ્વના દેશો




## ચિંતન

**આત્મ દ્વેષાત્ ભવેન્મૃત્યુઃ પરદ્વેષાત્ ધનક્ષયઃ ।**
**રાજે દ્વેષાત્ ભવેન્નાશો બ્રહ્મ દ્વેષાત્ કુલક્ષયઃ ॥**

'ચાણક્યનીતિ'માં આ સલાહ આપવામાં આવી છે :

'જે માણસ પોતાના આત્માનો દ્વેષ કરે છે તેનું મૃત્યુ નિશ્ચિત જ છે - દરેકને પોતાનો આત્મા પ્રથમ વાર તો કહે છે કે 'આ સાચું છે અને આ ખોટું છે' 'આમ કર અને તેમ ન કર' આપણે છતાંય આપણા આત્માનો દ્વેષ કરી - 'આત્માનો અવાજ' સાંભળતા નથી. સાંભળ્યું ન સાંભળ્યું કરીએ છીએ - તેથી મૃત્યુનો માર્ગ સ્વીકારી લઇએ છીએ.'

વિદ્વાનો-ઋષિઓ-પંડિતો સત્સંગ-વ્યાખ્યાન દ્વારા પર સદાચાર-સદ્ગુણની વાત સમજાવે છે. પણ આપણે તેમનું પણ સાંભળતા નથી. આ આપ્તજનનો દ્વેષ છે એનાથી પતન જ થાય છે.

હાલતાં-ચાલતાં બધાથી વિરોધ-દુશ્મની કરવા કોર્ટ-કેસ-મારામારીથી પણ ધન અને સ્વયંનો નાશ થાય છે.

રાજા-સત્તાથી દ્વેષ-વિરોધ કરવાથી ખૂદનો નાશ થાય છે. રાજા દંડ કરે, જેલમાં પૂરે કે એન્કાઉન્ટર કરાવી નાખે-સત્તાનો દ્વેષ ન કરવો.

વિદ્વાનો-પંડિતો-વિદ્વાનનો દ્વેષ કરનારનો કુલ સહિત નાશ થઇ જાય છે, આમ માણસ જ પોતાનો શત્રુ છે, દ્વેષ કરવાથી સ્વયંનો નાશ થાય છે બધાની સાથે પ્રેમ-ભાવથી રહેવું..

## સુવિચાર

- મહાપુરૂષનું જીવન વ્યર્થ નથી કારણ કે વિશ્વનો ઇતિહાસ બીજું કંઇ નહિ પણ મહાન પુરૂષોની આત્મકથા જ છે **- ગ્લેડસ્ટન**
- એટલો આત્મવિશ્વાસ રાખો કે પૃથ્વીના આવશ્યક માણસમાં આપણે પણ ગણાઇએ **- મેકિસીમ ગોર્કિ**
- અધિરાઇ એ સમજ્યા વિનાની હાનિકારક ઝડપી છે **- કાન્તિ ભટ્ટ**
- 'અંતે તો રાખ' વાક્યને અંતરમાં ઘુંટી રાખો **- બાણ ભટ્ટ**
- 'ફરજ' સાચા માર્ગે લઇ જાય છે, પરંતુ 'લગન' તે માર્ગને સુંદર બનાવે છે **- એસ. ભટ્ટાચાર્ય**
- નાનામાં નાની વસ્તુથી સંપૂર્ણતા મેળવી શકાય છે, પરંતુ સંપૂર્ણતા એ કંઇ નાની વસ્તુ નથી **- જહાંગીર કામા**
- 'ભરોસો' શબ્દ ભક્તિ માર્ગનો છે, જ્ઞાન માર્ગનો નથી **-મોરારી બાપુ**

**(સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

માણસ શાંત અને સંત સ્વભાવનો હોય છતાં ય ઘણીવાર અપમાનો-ઉપેક્ષા અને અન્યાય સહન કરવા પડે છે સાચું પૂછો તો આવું વર્તન જ તેના ચારિત્ર્ય ઘડતર-સ્વભાવ અને ધૈર્ય માટે કેળવણીનું કેન્દ્ર બની રહે છે, એ જ કસોટી છે, એ જ એની તાલીમ છે.

ઇંગ્લેન્ડના વડાપ્રધાન ચર્ચીલ ખૂબ બુદ્ધિશાળી અને શક્તિશાળી નેતા હતા છતાં વડાપ્રધાન પદ પર પહોંચવા એમને ખૂબ લાંબો સંઘર્ષ કરવો પડ્યો હતો. લગભગ સાઠ વર્ષે તેઓ વડાપ્રધાન પદે પહોંચ્યા.

સત્તા સંભાળ્યા પછી એક પત્રકાર તેમનો ઇન્ટરવ્યુ લેવા આવ્યો અને પુછ્યું - આટલી સત્તા અને ઉચ્ચ પદની જવાબદારી ઉપાડતાં પહેલાં આપ 'માનસિક' રીતે તૈયાર હતા? આને આના માટે કોઇ તાલીમ-શિક્ષણ લીધું છે?!

ચર્ચીલે હસતાં હસતાં જવાબ દીધો. 'મારી અત્યાર સુધીની જિંદગીમાં મે અપમાનો, ઉપેક્ષા, ઠપકા અને અનેક અન્યાય સહન કર્યા છે. સાચું પૂછો તો આ મોટી જવાબદારી ઉપાડવાની એ જ સાચી તાલીમ હતી, પૂર્વતૈયારીનો જ એક તબક્કો હતો.. આ એ બધું મને ઉપકારક લાગે છે.'

Email - sureshchandrabhatt18@gmail.com

# તમે ક્યારેય સપનાં જુઓ છો ?



## મોરપીંછના રંગ

- ડૉ. કનૈયાલાલ ભટ્ટ

સ્વપ્ન જોવું એટલે શું ? મોટેભાગે આપણે એવું માનતા હોઈએ છીએ કે રાત્રે ઊંઘમાં આવે એ 'સપનાં'. સ્થૂળ દૃષ્ટિએ આ વાત સાચી છે. પરંતુ 'સ્વપ્ન' એ ઘણો વિસ્તૃત અર્થ ધરાવે છે. સપનાની દુનિયા અજાયબ છે એના વિના માણસનું જીવન નકામું છે. સપનાં એ જીવનની સૌથી મોટી તાકાત છે.

આજની ટેન્શનગ્રસ્ત દુનિયામાં માણસનું જીવન વૃક્ષ પર બેઠેલી એક ચકલી જેવું છે. એ ક્યારે ઊડી જશે એ નક્કી નથી એમાં માણસ સપનાં જોવાનું સાહસ ક્યાંથી કરી શકે ?

આપણે કદી એ વિચાર્યું છે ખરું કે આપણે સપનાં કેમ નથી જોતા ? ઘણાને તો રાત્રે ઊંઘમાં ય સપનાં નથી આવતા. દિવસે સપનાં જોવાની તો વાત જ એક બાજુ...! રાત્રીના સપનાંનું એક આખું જુદૂં વિજ્ઞાન છે. આપણી મનોભૂમિના પરિપાક રૂપે એ સપનાં અવતરતા હોય છે. જે સાંકેતિક હોય છે. ભૂત-ભવિષ્યના એમાં સંકેતો હોય છે. પરંતુ આપણે વિજ્ઞાનને સમજી શકતા નથી અને રાતના સપનાંને સવારે ભૂલી પણ જઈએ છીએ. જોકે આપણે રાતના નહીં પણ દિવસના ઉઘાડી આંખના 'સપનાં'નું ગણિત સમજવાની જરૂર છે. ઘણાને થશે કે કે ઉઘાડી આંખે કદી સપનાં જોવાય ખરા? પરંતુ આપણે એ નથી જાણતા કે કે ઉઘાડી આંખના સપનામાં પ્રચંડ એનર્જી હોય છે તાકાત હોય છે. જો ખુલ્લી આંખનું એકાદ સપનું આપણા માનસમાં કે હૃદયમાં સ્થિર થઈ ગયું તો આપણને આગળ વધતા કોઈ અટકાવી નહીં શકે !

પ્રચંડ ઊર્જા ધરાવતા ખુલ્લી આંખના સપનાં આપણે કેમ નથી જોતા એ સંદર્ભે થોડું વિચારવાની જરૂર છે. સૌપ્રથમ આપણે આપણી જાતનું આંતરિક મુલ્યાંકન કરવું જોઈએ ! કે આપણામાં શું છે ? આપણે બીજા કરતા વિશિષ્ટ છીએ ખરા ? જો જવાબ 'હા' હોય તો પછી આપણો પારિવારિક - પરિવેશ, આપણી સામાજિક-આર્થિક સ્થિતિનું મુલ્યાંકન કરવું જોઈએ. અને ક્રમશઃ સફળ થતા થતા એક કક્ષાએ પહોંચીને પછી કોઈ એક સપનું સ્થિર કરી એની પાછળ પ્લાનીંગ કરી પરિશ્રમ કરીશું તો ચોક્કસ સફળ થવાશે.

આપણા સપનાં પૂર્ણ કરવામાં આપણો 'આત્મસંતોષ' સૌથી મોટું વિઘ્ન બને છે. એક રીતે આ 'ગુણ' ઉત્તમ છે. પરંતુ પ્રગતિ કરવામાં આગળ વધવામાં બાધારૂપ છે.



સામાન્ય રીતે આપણી સામાજિક વ્યવસ્થા કેવી છે એ જોઈએ તો મોટાભાગના લોકો સવારે ઊઠીને ચા-પાણી પીને છાપું વાંચી દશેક વાગ્યે ઓફિસે નોકરી કે ધંધે જાય સાંજે છ વાગ્યે ઘેર આવે ફ્રેશ થઈ એકાદ-બે કલાક ટી.વી. જોઈ જમીને સુઈ જશે... વળી સવાર-રાતનું આ એક જ ચક્ર. રવિવારે રજાના દિવસે પત્ની-બાળકો સાથે ફિલ્મ જોવા જાય કે આજુબાજુ કોઈ ફરવાના સ્થળે ફરવા જવું... વળી એ જ ચક્ર... આ ચક્રમાં જે માણસ ફસાયો તે ક્યારેય સપનાં જોઈ શકતો નથી અથવા જોયેલાં સપનાં પુરા કરી શકતો નથી. કેમકે ખુલ્લી આંખે જોયેલાં સપનાં પૂરા કરવા રૂટિન જિંદગીમાંથી બહાર નીકળવું જરૂરી છે. ધીરૂભાઈ અંબાણી જેવા ઘણા ઉદાહરણો આપણી પાસે છે. એક કરિયાણાની દુકાનમાં ગુમાસ્તાની નોકરી કરનાર એક કદરૂપો છોકરો ઉઘાડી આંખે સપનું જોઈને અમેરિકાના રાષ્ટ્રપતિ પદ સુધી પહોંચીને અબ્રાહમ લિંકન બની શકે છે.

'ગીતા'માં શ્રીકૃષ્ણએ કહ્યું છે કે, "ફળની આશા રાખ્યા વિના કર્મ કરો" પરંતુ હું આ વાક્યને નથી સ્વીકારતો. હું તો કહું છું કે 'ફળની આશા (લક્ષ્ય) પહેલા રાખો અને પછી કાર્યનો આરંભ કરો તો ચોક્કસ સફળ થવાશે. પરંતુ જો આપણી પાસે લક્ષ્ય નહીં હોય. ધ્યેય નહીં હોય તો દિશાવિહીન કાર્ય કરવાનો કોઈ અર્થ નથી. આ યુગ 'લક્ષ્ય'નો છે, 'ધ્યેયપ્રાપ્તિ'નો છે. 'સપનાં' નો છે. સચિન તેંડુલકર, અમિતાભ બચ્ચન, ધીરૂભાઈ અંબાણી, અબ્દુલ કલામ આઝાદ આના ઉદાહરણો છે.

આપણી સામાજિક વ્યવસ્થા એવી ગોઠવાયેલી છે કે માણસ મધ્યમવર્ગમાંથી બહાર જ નથી આવી શકતો અને આપણી વૈચારિક મેન્ટાલિટી એવી દૃઢ થઈ જાય છે કે આપણી સ્થિર આવક આપણા સપનાઓને પણ સ્થિર કરી નાખે છે. સામાન્ય રીતે એક પત્ની એક - બે બાળકો. એક સારી નોકરી, એક પોતાનું ઘર, એકાદ દ્વિચક્રી કે ચાર ચક્રી વાહન. એટલે સંપૂર્ણ જીવન પૂર્ણ અને પછી આરંભાય છે રૂટિન જિંદગીની માયાજાળ. એ જ દિવસ-રાત. એ જ ચક્ર... સપનાં વિના જ સવાર અને સપનાં વિનાની સાંજ ઊગ્યા કરે છે. આથમ્યા કરે છે...

આજે દુનિયા પૈસા પાછળ પાગલ થતી જાય છે. સંબંધોનું મૂલ્ય સાવ તળિયે છે. ક્યાંય શાંતિનો અહેસાસ નથી. બધે હરિફાઈ છે, ખેંચાખેંચી છે. સૌ કોઈ પોતાને બીજા કરતા શ્રેષ્ઠ સાબિત કરવા મથે છે. પરિણામે માણસ જીવન જીવવાનું ભૂલી ગયો છે 'આર્ટ ઓફ લિવિંગ' અને 'લાફીંગ કલબો'માં ભાગ લેવો પડે છે. એ જ છે જીવનની કરૂણતા !

મિત્રો, આપણને એમ નથી લાગતું કે આપણે રૂટીન લાઈફમાંથી બહાર નીકળી જીવન વિશે થોડું વિચારવું જોઈએ અને નાના-મોટા સપનાઓ જોવા જોઈએ ! દેશના ટોચના ઉદ્યોગપતિઓ, અભિનેતાઓ, નેતાઓ, ક્રિકેટરો... આ બધા આપણી જેમ મધ્યમવર્ગ, સામાન્યવર્ગમાંથી જ ટોચે પહોંચેલા છે. કારણ કે આ સૌ કોઈએ ઉઘાડી આંખે સપનાં જોયાં હતાં. તેમના જીવનનો ગોલ નિશ્ચિત હતો. ધ્યેય નક્કી હતું. આપણા રાષ્ટ્રપતિ અબ્દુલ કલામ, વડાપ્રધાન, સુપરસ્ટાર અમિતાભ બચ્ચન, શાહરૂખખાન... આ બધા 'સપનાં'નું પરિણામ છે. એ પણ સત્ય છે કે એમને તક મળી ગઈ અને ટોચે પહોંચી ગયા. એવી 'તક' આપણા જીવનમાં પણ આવતી હોય છે. પરંતુ એ 'તક'ને એ ક્ષણને આપણે ઓળખી શકતા નથી. અપનાવી શકતા નથી. જેથી આપણે આપણા રૂટિન ચક્રમાં, જીવનચક્રમાં પિસાતા જઈએ છીએ... અને પછી આપણા સંતાનો, એના સંતાનો એ જ ચક્રમાં... પછી આ ચક્ર પેઢીઓ સુધી ચાલ્યા કરે છે.

આપણે 'સપનાં' નથી જોતા એનું એક કારણ એ પણ છે કે આપણે જ આપણી ફિક્સ લિમિટ બાંધી દીધી હોય છે કે મારાથી આ કાર્ય ન થાય. હું આ કામ ન કરી શકું ! હું ત્યાં ન પહોંચી શકું ! આવું શા માટે ? ખરેખર તો જે કામ અઘરું હોય-અશક્ય હોય એ જ કામ સૌપ્રથમ હાથમાં લો... કદાચ આરંભે નિષ્ફળતા મળશે. વધુ વખત નિષ્ફળ જવાશે પરંતુ જો આપણું 'લક્ષ્ય' મજબૂત હશે, દૃઢ આત્મવિશ્વાસ હશે તો ચોક્કસ સફળ થવાશે. પરંતુ આપણે પરિસ્થિતિવશ કે માનસિક રીતે પડકાર જિલવાની શક્તિ ખોઈ બેઠાં છીએ.. આપણી અંદર રહેલ 'દેવત્વ'થી આત્મશક્તિથી આપણે સાવ અજાણ છીએ.

આજે કોલેજ કે યુનિવર્સિટીઓમાં ઉચ્ચ અભ્યાસ કરતા યુવાનો પણ 'સપનાં' વિના આગળ દોડ્યા કરે છે. આપણે કોઈને પણ પુછીશું કે 'જીવનમાં તમારું સપનું શું છે ?' તો તેનો જવાબ 'ખ્યાલ નથી' એવો આવશે. આજે ભાગ્યે જ કોઈ સપનું લઈને જીવતું હશે.

બાકી તો રોજ રાત્રે ઊંઘમાં ગાડી અને બંગલામાં રહેતા આપણે સવારે સાયકલમાં હવા ભરતા હોઈએ છીએ અને સ્કુટરમાં પંક્ચર કરાવતા હોઈએ છીએ અથવા લોકલ-સીટી બસની રાહ જોતા હોઈએ છીએ !

આમ ક્યારેક આપણે આપણા વિતેલા વર્ષોનું સરવૈયું કાઢવું જોઈએ કે આપણે શું મેળવ્યું ને શું ગુમાવ્યું ? તો મોટેભાગે ગુમાવ્યું જ હશે. મિત્રો, હજી આવતા વર્ષો આપણા હાથમાં છે. સપનાને રોજ લખો, વાંચો અને જીવનની તાકાત બનાવો.

આપણે ઈશ્વરને પ્રાર્થના કરીએ કે આપણા સૌના જીવનમાં પણ એક તક, એક અવસર આવે જેને અપનાવીને નવું જીવન જીવી શકીએ અને જીવનભર તમામ સપનાઓ પરિપૂર્ણ કરી શકીએ...!

કેમકે જેની સમક્ષ કોઈ મહાન ધ્યેય નથી એને માટે કોઈ પ્રશસ્ત ભવિષ્ય પણ નથી.

# ધ્યાનની અસરો અદ્ભૂત છે, વ્યક્તિ શારીરિક, માનસિક, આધ્યાત્મિક ઉન્નતિને પામે છે

## અષ્ટાંગ - ધ્યાન - સમાધિ
## નિરામય

- ડો. કેદાર ઉપાધ્યાય

અષ્ટાંગ યોગની શ્રેણીમાં હાલ સુધી આપણે કુલ છ અંગોનો પરિચય મેળવ્યો. આ છ અંગોમાંના પ્રથમ પાંચ અંગો એટલે કે યમ, નિયમ, આસન, પ્રાણાયામ તથા પ્રત્યાહાર એ બહિરંગ યોગો તથા અંતિમ ત્રણ અંગો, એટલે કે ધારણા, ધ્યાન અને સમાધિ એ અંતરંગ યોગ છે એ પણ જાણ્યું. અંતરંગ યોગના પ્રથમ અંગ એવા "ધારણા" વિશે આપણે ગતાંકે ખ્યાલ મેળવ્યો. આ અંકમાં - અષ્ટાંગ યોગના અંતિમ બે પડાવો, 'ધ્યાન' અને 'સમાધિ' વિષે જાણકારી મેળવીશું.

**ધ્યાન :**

ધ્યાન એ સાધનાનું પ્રધાનઅંગ છે. ધ્યાન એ સમાધિ સુધી પહોંચવાનું અંતિમ પગથિયું છે. પતંજલિ એ ધ્યાનની વ્યાખ્યા કરેલ છે. તેઓનાં મતે, ધારણાના સ્થાન પરની નિરંતરતા એટલે ધ્યાન. સાધક ધારણા વડે મન ને જે સ્થાન વિશેષમાં સ્થિર કરે તે સ્થાન પર નિરંતર ભાવે એકતા ન રહેવું એટલે ધ્યાન. ફક્ત એક જ લક્ષ્ય પર સંપૂર્ણ એકાગ્રતા. મન બીજી કોઇ પણ વૃત્તિઓ તરફ ગતિ ન કરે. ધ્યાન વડે સાધક ધીમે-ધીમે સમાધિ તરફ પ્રવિષ્ઠ થાય છે. જેમ નદી, સાગરને મળવા જઇ રહી હોય તેવી જ કંઇક સ્થિતિ સર્જાય છે. ધ્યાન વડે સાધક સ્વયં ને સંપૂર્ણ રીતે પરબ્રહ્મમાં નિમગ્ન કરી દે છે.



ધ્યાનની અસરો અદ્ભૂત છે. વ્યક્તિ શારીરિક, માનસિક, આધ્યાત્મિક ઉન્નતિને પામે છે. સાંપ્રત સમયે ધ્યાનાના (એટલે કે મેડીટેશન) અનેક સ્વરૂપો જોવા મળે છે. પરંતુ આ દરેક સ્વરૂપોનું કેન્દ્ર મનને એક વિષય પર એકાગ્ર કરવાનું જ હોય છે. નિયમિત ધ્યાન કરવાથી શારીરિક-માનસિક રોગો દૂર થઇ શકે છે. પોતાના ઇષ્ટદેવ-ગુરૂતત્ત્વ કે પછી શરીરના જે અંગમાં તકલીફ હોય તેને કેન્દ્રીત કરીને ધ્યાન કરવું. પ્રસન્નચિત્તે શુભભાવના સાથે ધ્યાન કરવાથી ચોક્કસ પરિણામો મળે છે. ધ્યાન વિશે અનેક રિસર્ચ પણ થયેલાં છે જેમાં તેની અસરકારકતા સિદ્ધ થઇ છે.

**સમાધિ :**

યોગશાસ્ત્રનું અંતિમ અંગ એટલે સમાધિ. આ અવસ્થામાં સાધક મોક્ષને પામે છે. સાધક પરમતત્ત્વમાં લીન બની જાય છે. ચિત્તવૃત્તિઓનો સંપૂર્ણ પણે નિરોધ થઇ જાય છે. મહર્ષિ પતંજલિની વ્યાખ્યા અનુસાર સાધકને ફક્ત ધ્યેયની પ્રતીતિ થાય છે અને પોતાનું સ્વરૂપ શૂન્ય થઇ જાય છે. પોતાના સ્વરૂપને પરમાત્મામાં તદાકાર બનાવી લે છે. ઇશ્વરની પ્રાપ્તિ સાધકને થાય છે.

**સમાધિના બે પ્રકારો છે.**

- **સંપ્રજ્ઞાત સમાધિ :-**

આ અવસ્થામાં અમુક સમય સુધી ચિત્તવૃત્તિઓનો નિરોધ થાય છે. સાધકને સત્યની પ્રાપ્તિ થાય છે. સાધકની ધી, વૃત્તિ, સ્મૃતિ નિર્વિકાર કરે છે. અહિં સાધક સંસારમાં જ રહે છે. આ પ્રકારની સમાધિમાં સંસારનું બીજ થોડા અંશે પણ હોય છે. આથી આ સમાધિને સબીજ સમાધિ પણ કહી છે. સમાધિ પ્રાપ્ત કર્યા બાદ ફરી સંસારમાં પ્રવેશતા સાધક અનેક લોકોને પ્રેરણા અને ઉચ્ચજીવન જીવવા વિષેની સમજ આપી શકે છે. ભારતવર્ષનાં અનેક સંત-મહાત્માઓ આ સ્વસ્થામાં રહીને નિર્વાહ કરે છે.

**અસંપ્રાત સમાધિ :**

આ યોગની સર્વોચ્ચ અવસ્થા છે. અહિં કોઇ આલંબન રહેતું નથી. આ પરમ વૈરાગ્યની અવસ્થા છે. અહિં સંપૂર્ણપણે ચિત્તવૃત્તિઓ વિરામ પામે છે. મન જાણે નષ્ટપ્રાય થઇ જાય છે. આથી આ અવસ્થાને નિર્બિત જ સમાધિ પણ કહે છે. યોગી સંસારમાંથી મુક્ત થઇ પરમાનંદનો અનુભવ કરે છે. સાંસારિક કલેશ તેમજ કર્મોના બંધનોમાંથી સાધક સંપૂર્ણપણે મુક્ત થાય છે. આ યોગનો અંતિમ પડાવ છે. સાધકે શરૂ કરેલ યાત્રાનો આ મુકામ છે.

પતંજલિએ કરેલ વ્યાખ્યા મુજબ સાધક પોતાનું સ્વરૂપ ત્યાગી દે છે. આમ, સાધક સ્થૂળ સ્વરૂપે ન રહેતા ચૈતન્ય સ્વરૂપને પામે છે. જો સાધક સવિકલ્પ સમાધિને પ્રાપ્ત કરી સંસારમાં ફરી પ્રવેશ્યો હોય તો સાધક પોતાના "ઇગો" ને સંપૂર્ણપણે ત્યાગી દે છે અને સાક્ષીભાવ કાર્યોનું વહન કરે છે.

સાધકની અષ્ટાંગ યોગની આ યાત્રામાં અનેક કઠિનાઇઓ છે. દરેક સોપાને સાધકના દૃઢ નિશ્ચય અને સંયમની કસોટી થાય છે. એક તરફ તકલીફો છે તો બીજી તરીફ સિદ્ધિઓ હોય છે. મહર્ષિ પતંજલિના અનુસાર યોગમાર્ગ પર ચાલતા, સાધકને ક્રમે ક્રમે આઠ સિદ્ધિઓનો ઉલ્લેખ છે. પતંજલિ અનુસાર આઠ સિદ્ધિઓ અનુક્રમે અણીમા, મહિમા, લધિમા, પ્રાપ્તિ, પ્રાકામ્ય, વશિત્વ, ઇશીત્વ અને યત્રકામાવસાય છે. અહિં જો કે મહર્ષિ પતંજલિ તાકીદ કરે છે કે જો સાધક આ સિદ્ધિઓથી અંજાઇને માર્ગ બદલશે તો તેને મોક્ષ માર્ગ સુધી પહોંચવું ખૂબ કઠિન થઇ પડશે. આ સિદ્ધિઓ "બાય પ્રોડક્ટ" છે. જેમ ટ્રેનમાં અંતિમ પડાવ આવતા પહેલાં બીજા સ્ટેશનો આવે તે રીતે આ સિદ્ધિઓ સાધકના માર્ગમાં આવે છે. જો સાધક અધવચ્ચે ઉતરી જાય તો ટ્રેન ચુકી જાય એવું બને. આ સિદ્ધિઓ વિષે કોઇ વૈજ્ઞાનિક આધાર મળેલ નથી, આથી વૈજ્ઞાનિક રીતે આનું અસ્તિત્વ છે કે નહિં તે પ્રશ્નાર્થ છે.

આપણે છેલ્લી અમુક શ્રેણીઓથી અષ્ટાંગ યોગની યાત્રામાં નીકળેલાં જે આજે સંપૂર્ણ થાય છે. અષ્ટાંગ યોગ એ સાગરસમ અગાધ છે. આપણે યથાશક્તિ તેને ટૂંકમાં જાણવાની પ્રયત્ન કર્યો. વિવિધ પુસ્તકો આદિ દ્વારા આ વિષય પર વધુ જ્ઞાન મેળવી શકાય.

# બિહારમાં બદલાતાં સમીકરણ

## બહારથી સમર્થન આપી રહેલ લાલુ-રાબડીની પાર્ટી નીતિશની નેતાગીરી સ્વીકારી નંબર-ટુ પોઝિશનમાં રહેવા તૈયાર થશે ખરી?

## રાજકારણનાં રંગ

- કેશુભાઇ દેસાઇ

નરેન્દ્ર મોદીને નેતૃત્વ સોંપવાના મુદ્દે એનડીએ સાથે છેડો ફાડી બેઠા પછી બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારની માઠી દશા બેઠી છે. એમણે ઠાવકાઇપૂર્વક બિનસાંપ્રદાયિકતાના મુદ્દે ભાજપનો સાથ છોડીને સંભવિત ત્રીજા મોરચાના નેતા તરીકે વડાપ્રધાનપદના ઉમેદવાર તરીકે ઊપસવાની પણ કોશિશ કરી જોઇ હતી, પરંતુ બિહારમાં જે રીતે હિન્દુ મતોનું ધ્રુવીકરણ સરજાયું અને લાલુપ્રસાદ યાદવમાં રાષ્ટ્રીય તેમજ કોંગ્રેસના ઉમેદવારોએ જદ(યુ) ના કહેવાતા સેક્લુયર મતોમાં ભાગ પડાવ્યો એથી બિહાર આખું ભગવા રંગે રંગાઇ ગયું અને નીતિશકુમાર માટે પરાજયની નૈતિક જવાબદારી લઇ મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપવા સિવાય કોઇ સન્માનભર્યો વિકલ્પ ન બચ્યો. મુખ્યમંત્રીપદેથી રાજીનામું આપી દીધાં છતાં નીતિશકુમારે વિધાનસભાના વિસર્જનની કે નવી ચૂંટણીની માગણી કરી નથી. વિધાનસભાની ચૂંટણીએ હજી એકાદ વરસ જેટલો સમય બાકી છે અને જદ(યુ) નેતા સમયનો સદુપયોગ કરી ખોવાયેલો પ્રભાવ પુનઃ પ્રાપ્ત કરવા માગે છે.



એમણે બિહારની મહાદલિત જાતિના જીતન રામ માંઝીને મુખ્યમંત્રી પદે સ્થાપીને ભાજપ સામે જબ્બર પડકાર ઊભો કર્યો છે. ભાજપ સવર્ણ હિંદુઓ - ભૂમિતારો, રાજપૂતો, વૈશ્યો અને બ્રાહ્મણોનું સમર્થન ધરાવતી જમણેરી પાર્ટી છે, એની સામે નીતિશ નીચલી કોમોનું ધ્રુવીકરણ કરવાની વ્યૂહરચના રમી આગમી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને સત્તાથી દૂર રાખવાનો ઇરાદો ધરાવે છે. એમણે આ મુદ્દે એમના ટીકાકાર બની ગયેલા રાષ્ટ્રીય અધ્યક્ષને પણ સમજાવી લીધા છે. જો કે જદ(યુ) બિહાર પૂરતી મર્યાદિત અસર ધરાવતો રાજકીય પક્ષ છે અને કહેવાતા 'રાષ્ટ્રીય અધ્યક્ષ' શરદ યાદવનું એમાં ઝાઝું ઊપજતું નથી. નીતિશ કુમારની આસપાસ ઘૂમતા આ પ્રાદેશિક પક્ષને મોદી-વાવાઝોડામાં ઘર આંગણે ઊંધા માથે પટકાવું પડ્યું છે. ચારા કૌભાંડમાં જેલવાસ ભોગવતા રાષ્ટ્રીય જનતાદળ નેતા લાલુપ્રસાદ યાદવ ફરીવાર એમના 'માય' સમીકરણને અમલી બનાવશે, એવી હવા હતી. બિહારમાં મુસ્લિમ-યાદવોની મિલીભગત સાથે પંદર વર્ષ સુધી રાજ કરનાર લાલુની ફેરવારસી શક્ય નથી બની અને જેમ જદ(યુ) ના રાષ્ટ્રીય અધ્યક્ષ શરદ યાદવ મધેપુરાથી હારી ગયા તેમ લાલુપ્રસાદ યાદવનાં પત્ની અને પુત્રી બેઉને આ ચૂંટણીમાં પરાજયનું મુખ જોવું પડ્યું છે. આમ બેઉ જૂના જનતાદળમાંથી જુદાં પડેલાં પ્રાદેશિક પરિબળો માટે મોદીરાજમાં મોઢું કાઢવાનીય જગ્યા નથી રહી. તેથી ચૂંટણી દરમિયાન એકમેકની વિરૂદ્ધ બીભત્સ ભાષા વાપરનારા અને કટ્ટર હરીફ ગણાતા બે નેતાઓ - નીતિશ અને લાલુ 'આવ ભાઇ હરખાં, આપણે બેઉ સરખાં' વાળી કહેવત મુજબ નજીક આવી રહ્યા છે. બેઉને શરદ યાદવે 'જાતિવાદી' હોવાનું પ્રમાણપત્ર ચૂંટણી દરમિયાન જ આપી દીધેલું છે, તેથી એક શક્યતા એ પણ રહે છે કે શરદ યાદવ પોતે અલગ ચોકો ધારણ કરી એનડીએ સાથે જોડાવું પસંદ કરે. બિહારના નવા મુખ્યમંત્રી બહુમતિ સાબિત કરવા માટે તો જદ(યુ)ના ૧૧૭ ઉપરાંત કોંગ્રેસના ૪ સભ્યોનું સમર્થન પૂરતું થઇ રહે એમ હતું. હવે લાલુપ્રસાદના ૨૪ જેટલાં ધારાસભ્યો ભળતાં માંઝી સરકાર સ્થિર રહી શકશે અને આગામી ચૂંટણી સુધી તથાકથિત ગરીબો અને મુસલમાનોની વસ્તીનું ધ્રુવીકરણ કરી 'સાંપ્રદાયિક' શક્તિઓને સત્તાથી વેગળી રાખવાનો ખેલ ખેલાશે, વળી રાબડીદેવીને રાજયસભામાં પણ મોકલી શકાશે. ખરી મુસિબત આગામી ચૂંટણી વખતે જ થશે, કારણ કે એ ચૂંટણી જદ(યુ) નીતિશકુમારની નેતાગીરી હેઠળ લડવા કૃતસંકલ્પ છે, એ મતલબનો ઠરાવ પણ થઇ ચૂક્યો છે, ત્યારે શું અત્યારે બહારથી સમર્થન આપી રહેલ લાલુ-રાબડીની પાર્ટી નીતિશની નેતાગીરી સ્વીકારી નંબર-ટુ પોઝિશનમાં રહેવા તૈયાર થશે ખરી?